# ગુજરાત લૉ સોસાયટી

લૉ ગાર્ડન સામે, એલીસબ્રીજ, અમદાવાદ- 380006.

## આચાર્ય જોઈએ છે

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત નીચેની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની જગ્યાઓ ભરવા માટે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા મંજુરી મળેલ છે.

**(૧) આઈ. એમ. નાણાવટી લો કોલેજ, એલીસબ્રીજ, અમદાવાદ.**
(એન.ઓ.સી. પત્ર ક્રમાંક કવટ/ISC-8/NOC/૨૦૨૫/૨૨૯૭૪-૭૫, તા. ૨૮-૦૮-૨૦૨૫).

**(૨) માણેકલાલ નાણાવટી લો કોલેજ, લાલ દરવાજા, અમદાવાદ.**
(એન.ઓ.સી. પત્ર ક્રમાંક કવટ/ISC-8/NOC/૨૦૨૫/૨૨૯૭૬-૭૭, તા. ૨૮-૦૮-૨૦૨૫).

**લાયકાત :**

૧. ઉમેદવાર યુજીસી રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના પેરા ૪ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના તા. ૨૪/૫/૨૦૨૧ ના ઠરાવ મુજબ આચાર્ય માટે જરૂરી લાયકાત ધરાવતા હોવા જોઈએ તથા યુજીસી રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના એપેન્ડીક્ષ-૨, ટેબલ-૨ મુજબની ૬ પૈકી કોઈ પણ ૩ કેટેગરીમાં ન્યુનત્તમ ૧૧૦ API સ્કોર હોવો અનિવાર્ય હોવો જોઇશે..

૨. ઉમેદવારે કાયદા વિદ્યાશાખામાં સરકાર માન્ય યુનીવર્સીટીમાંથી ન્યુનત્તમ 55 % કે સમકક્ષ ગ્રેડ સાથે અનુસ્નાતક ડીગ્રી (LL.M.) મેળવેલ હોવી જોઇએ.

3. ઉમેદવાર કોલેજ/યુનીવર્સીટી કે ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થામાં સબંધિત વિદ્યાશાખામાં અરજીની તારીખે અસોસિયેટ પ્રોફેસર/પ્રોફેસર હોવો જોઈએ અને તે આસિસ્ટન્ટ પ્રોફેસર/એસોસોયેટ પ્રોફેસર/પ્રોફેસર તરીકે કુલ મળીને ઓછામાં ઓછો ૧૫ વર્ષનો શૈક્ષણિક/સંશોધન ક્ષેત્રે સેવાનો અનુભવ ધરાવતો હોવો જોઈએ.

૪. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

૫. ઉમેદવારના ઓછામાં ઓછા 10 રીસર્ચ પબ્લિકેશન પિયર રીવ્યુડ જર્નલ્સ/યુજીસી લીસ્ટેડ જર્નલ્સમાં પ્રસિદ્ધ થયેલ હોવા જોઈએ.

**પગારધોરણ : રાજ્ય સરકાર અને યુજીસીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ.**

- ઈચ્છુક ઉમેદવારે ધોરણ 12 થી અનુસ્નાતક કક્ષાની તમામ પરીક્ષાઓની માર્કશીટસ, પી.એચ. ડીગ્રી, તેના API સ્કોરની ગણતરી, રીસર્ચ પબ્લીકેશન્સ તેમ જ સરકારશ્રીની ગાઈડલાઈન્સમાં જણાવ્યા મુજબના જરૂરી તમામ દસ્તાવેજો આધારોની પ્રમાણિત નકલો સાથે મોડામાં મોડી તારીખ ૧૧-૧૦-૨૦૨૫ સુધીમાં મળે તે રીતે રજીસ્ટર ટપાલથી માનદ મંત્રી, ગુજરાત લૉ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬ ને અરજી કરવાની રહેશે.
- અધુરી વિગતોવાળી તેમ જ નિયત તારીખ પછીથી આવેલ અરજીઓ ધ્યાનમાં લેવાશે નહી.
- ઉમેદવારે પોતાની અરજી સાથે તેના પ્રવર્તમાન એસોસિયેટ પ્રોફેસર/પ્રોફેસરને મળતા ગ્રેડ પે ના તેમ જ યુજીસી ધારાધોરણ મુજબ મળતા છેલ્લા વેતન અંગેના ઉમેદવારની હાલની સંસ્થા દ્વારા આપેલ આધાર-પુરાવા મુકવાના રહેશે.
- અરજદારે પોતાની અરજી સાથે તેના ન્યુનત્તમ રીસર્ચ સ્કોર તેમ જ રીસર્ચ પેપર પબ્લીકેશન સબંધી તમામ આધાર-દસ્તાવેજો જોડાવાના રહેશે.
- નોકરીમાં હોય તેવા ઉમેદવારે પોતાની અરજી સાથે પોતાની સંસ્થાનું No Objection Certificate (NOC) મોકલવાનું રહેશે.

૨૫-૦૯-૨૦૨૫

**સુધીર નાણાવટી**
**એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસિડન્ટ**